# મોડયુલ – 7 અહેવાલ
# <u>પ્રાથમિક ધોરણોમાં બહુભાષી શિક્ષણ</u>

શિક્ષક કોડ : **<u>10087791</u>** તારીખ : <u>01-01-2022</u>
શિક્ષકનું નામ : <u>મક્કમપરા વિજય રાકેશભાઇ</u> મો.નં.:- <u>8140480391</u>
શાળાનું નામ : <u>શ્રી ઐયર પ્રાથમિક શાળા</u> તા – <u>નખત્રાણા</u> જિ- <u>કચ્છ</u>

★ કોર્સની ઝાંખી :-

કોર્સનું માળખું, હેતુઓ અને કોર્સની રૂપરેખા અંગે સમજ મેળવી હતી.આ ઉપરાંત કોર્સના સમયગાળા અને પ્રમાણપત્ર મેળવવા અંગે સમજ મેળવી હતી.

★ રાષ્ટ્રીય શિક્ષણ નીતિ અને બહુભાષી શિક્ષણનો પરિચય :-

ડૉ. ધીર ઝિંગરન દ્વારા પ્રાથમિક ધોરણમાં બાળકોની શીખવાની ભાષા માતૃભાષા હોવાપરભાર મુકાયો અને તે શા માટે જરૂરી છે તે અંગેની 06:41 મીનીટના વિડીયો દ્વારા સમજ આપવામાં આવી હતી. આ ઉપરાંત મોડ્યુલના મહત્વનાં મુદ્દાઓ બાબતે જાણકારી આપવામાં આવી હતી.

★ આપણા દેશનું ભાષાકીય માળખું:-

ભારતના વિવિધ ભાગોમાં બોલાતી ભાષાઓ, બોલીઓ વિશે જાણકારી મેળવી હતી અને તેના આધારે બહુભાષિતા વિશે સમજ મેળવી હતી.

★ બાળકોને ભાષાકીય અંતરના ગેરલાભો:-

☯ પ્રવૃત્તિ- 1 : તમારા વિચારો જણાવો ☯

આપેલ લીંક પર બાળકો જે ભાષા બોલી કે સમજી શકતા ન હોય તે ભાષામાં વાંચવા અને લખવા મજબૂર હોય તે માટે ક્યા પડકારોનો સામનો કરવો પડશે ? તે અંગેના મારા વિચારો રજૂ કર્યા હતા.

☞ <u>અપરિચિત ભાષા અને બાળકોની દુવિધા</u> :

અપરિચિત ભાષાના લીધે બાળક લાચારી અને નિમ્ન આત્મસંમાનની લાગણી ધરાવતો થાય છે અને તેના લીધે તેની ઓળખ અને આત્મવિશ્વાસ ઘવાય છે. જેથી તેની શૈક્ષણિક કામગીરીપર નકારાત્મક અસર પડે છે.

☯ પ્રવૃત્તિ- 2 : તમારા વિચારો જણાવો ☯

બાળકોના રોજિંદા જીવનમાં બોલાતી ભાષા પાઠ્ય પુસ્તકની ભાષાથી કેવી રીતે અલગ છે? તેના વિશે ઉદાહરણ દ્વારા આપેલ લીંક પર મારા વિચારો રજૂ કર્યા હતા.

★ શીખવા- શીખવવાની પ્રક્રિયામાં બાળકોની પરિચિત ભાષાનો ઉપયોગ કરવાનું મહત્વ :-

વર્ગખંડમાં બાળકોની ભાષાનો ઉપયોગ શા માટે કરવો અને કેવી રીતે કરવો તે અંગેની સમજ જીવણલાલના અને મહિમાબેનના વર્ગના ઉદાહરણ દ્વારા 09:31 મીનીટના વિડિયોમાં ડૉ. ધીર ઝિંગરન દ્વારા સમજ અપાઇ હતી.

☞ <u>પાયાના ધોરણોમાં માતૃભાષાના ઉપયોગનું મહત્વ</u> :

પાયાના ધોરણોમાં માતૃભાષાના ઉપયોગ દ્વારા-

1) સક્રિય  ભાગીદારી વધે
2) શિક્ષણ બાળ કેન્દ્રિ બને
3) વિચારવું, કલ્પના કરવી, બોલવું સરળ બને
4) આત્મવિશ્વાસવધે
5) અન્ય વિષયો શીખવામાં મદદ મળે છે.

☯ પ્રવૃત્તિ- 3 : તમારી સમજ ચકાસો ☯

આપવામાં આવેલ વિધાનો સાચાં છે કે ખોટા તે જણાવી સમજ મેળવી હતી.

બાળકોની ઘરની ભાષા કેવી રીતે અન્ય ભાષા શીખવામાં મદદ કરે છે? તે અંગે 14:07 મીનીટના વિડિયો દ્વારા સમજ મેળવી હતી. જેમાં જિમ કમિંસ દ્વારા સામાન્ય ભાષા સજ્જતા રજુ કરવામાં આવેલ છે. જેમાં એક ભાષામાથી બીજી ભાષા શીખવા માટેના કૌશલ્યો જેવા કે સંકલ્પનાઆધારિત જ્ઞાન, વાંચન અને લેખન સંબંધિત કૌશલ્યો અને ઉચ્ચસ્તરીય સમજ અંગે વિસ્તૃત સમજ મેળવી હતી.

☯ પ્રવૃત્તિ- 4 : જાતે કરો ☯

ધોરણ 1 અને 2 ના બાળકોને અપરિચિત ભાષા (અંગ્રેજી)માં અને ત્યાર બાદ પરિચિત ભાષા (ગુજરાતી)માં એક જ વાર્તા કરી અને તે અંગે પ્રશ્નોત્તરી કરી. આમ, બંને સમયના બાળકોના પ્રતિભાવો અને વિચારો લખ્યા હતાં.

★ બાળકોની માતૃભાષાનો ઉપયોગ કરવા માટેની જોગવાઇ :-

પ્રાથમિક તબક્કે માતૃભાષાના ઉપયોગ અંગેના આપણા દેશની બંધારણની કલમ 350 A, RTE 2009 ની કલમ 29 (2) (f), NEP 2020 વિશે જાણકારી મેળવી.

☯ પ્રવૃત્તિ- 5 : જાતે કરો ☯

NEP- 2020માં માતૃભાષામાં શિક્ષણની જોગવાઇને વાંચ્યા પછિ તે અંગે સાથી કર્મચારી સાથે ચર્ચા કરી મારા વિચારો જણાવ્યા હતાં.

☞ <u>બહુભાષી શિક્ષણ- અર્થ અને મહત્વ</u> :

બહુભાષી શિક્ષણનો અર્થ માતૃભાષા ઉપરાંત બે કે તેથી વધુ ભાષાઓ. બહુભાષી શિક્ષણના ઘણાં ફાયદાઓ જેમ કે –

- યોગ્ય વાતાવરણનું નિર્માણ
- આત્મવિશ્વાસનો વિકાસ

- પુર્વજ્ઞાનનો ઉપયોગ
- સમજણ, કલ્પના, અભિવ્યક્તિ સરલ બને
- ડ્રોપ આઉટ ઘટે
- શાળા અને સમુદાય વચ્ચે મજબૂત સંબંધો વિકસે.

આ ઉપરાંત બહુભાષી શિક્ષણની વિશેષતા અંગે સમજ મેળવી હતી.

☯ પ્રવૃત્તિ- 6 : તમારી સમજ ચકાસો ☯

માતૃભાષાનું શિક્ષણ કેટલું મહત્વપૂર્ણ બને છે તે અંગે વાક્યોની પૂર્તિ કરી હતી.

★ બાલવાટિકાઓમાં બહુભાષી શિક્ષણ :-

બાલવાટિકામાં ઘરની ભાષાઓનો ઉપયોગ કઈ રીતે કરાય તે વિશે સમજ મેળવી હતી.

★ બહુભાષી શિક્ષણની વ્યૂહરચનાઓ :-

મૌખિક ક્ષેત્રમાં બાળકોની ભાષાઓના ઉપયોગ સંદર્ભે જુદી- જુદી વ્યૂહરચનાઓ દ્વારા સમજ મેળવી હતી. દ્રિતીય ભાષા શીખવા માટેની વ્યૂહરચનાઓ જેવી કે શરૂઆતમાં મૌખિક ભાષાપર ભાર, L2 માં સાંભળવા અને બોલવાની તકો, L2 માં સમજવા યોગ્ય ઇનપુટ, ભયમુક્ત વાતાવરણ અને શબ્દ ભંડોળનો ઉપયોગ અંગે સમજ મેળવી. ત્યારબાદ વર્ગખંડમાં બહુભાષી શિક્ષણ કઈ રીતે કરાવવું તે અંગે ચાર્ટ દ્વારા સમજ મેળવી હતી.

★ સારાંશ :-

ચાર્ટ દ્વારા સમગ્ર મોડયુલનો ટૂંકમાં સાર આપવામાં આવેલ હતો. જેના આધારે ટૂંકમાં સમગ્ર મોડયુલ અંગે સમજ મેળવી હતી.

★ પોર્ટફોલિયો :-

શીખવામાં મુશ્કેલીઓ દર્શાવતાં બાળકો માટે વ્યક્તિગત શિક્ષા યોજના તૈયાર કરવા અંગે અસાઇન્મેંટ બનાવ્યુ હતું.

★ વધારાના સંસાધનો :-

બીજી વધારાની માહિતી માટે કોર્સમાં આપેલ વેબ સાઇટોની નોંધ કરી અને આપેલ લીંક જોઇ વધુ સમજ મેળવી હતી.

★ મુલ્યાંકન :- 20 પ્રશ્નોના ઉત્તર આપી ક્વીઝ પુર્ણ કરી હતી.

આમ, આ મોડયુલ દ્વારા પ્રાથમિક ધોરણોમાં બહુભાષી શિક્ષણ અંગે  પુરતી સમજ મેળવી હતી.